3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૪

વર્ષ-૬ • અંક-૨૧ • સળંગ અંક - ૨૦૮૪ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૭.૧૩.૦૬
સંવત - ૨૦૮૧
મહા સુદ-૦૮, બુધવાર
તા. ૦૫-૦૨-૨૦૨૫
સૂર્યાસ્ત - ૦૬.૩૨.૨૦

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**લાકડીયા**ના **અ.સૌ. ચંદ્રાબેન જયંતીલાલ આસુ ગાલા** (ઉ.વ. ૬૧) શનિવાર, તા. ૦૧-૦૨-૨૦૨૫ના માંદગીથી અવસાન પામેલ છે. સ્વ. નાનુબેન આસુ મેપશી ગાલાના પુત્રવધુ. જયંતીલાલના પત્ની. તેજલ, નિકુંજના માતુશ્રી. હાર્દિક જયંતીલાલ સાવલા (મનફરા), અ.સૌ. જીનલ નિકુંજ ગાલાના સાસુ. સ્વ. કેસરબેન હેમરાજ વીરમ છેડાના ભાભી. સમ્રાજ, નિશિકાના નાનીમા. સ્વ. મુરઈબેન પદમશી, અ.સૌ. પાર્વતીબેન મણીલાલ, ગં.સ્વ. કુસુમ લક્ષ્મીચંદના દેરાણી. સ્વ. જયાબેન શ્રી મનોહરના જેઠાણી. લાકડીયા અ.સૌ. ભમીબેન પ્રેમજી પુંજાભાઈ નિસરના પુત્રી. રસિક, રતનશી, કંચન, મનસુખના બેન. સ્વાતિ,નલીની, ભાવીનીના નણંદ. આધોઈના જીતેન્દ્ર નેણશી બુરીચાના પા. સાસુ. સ્વ. રખુબેન દેવરાજ વાલજી ગડાના દોહીત્રી. મનફરા મંજુલાબેન જયંતીલાલ મુરજી સાવલા, હલરા હર્ષાબેન દામજી રામજી છેડાના વેવાણ. **પ્રા. સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ) ટા. ૩ થી ૪.૩૦.** ઠે. જયંતીલાલ ગાલા, એ-૭૦૧, કેસર ઈક્વીનોક્ષ, ૬૨, સર ભાલચંદ્ર રોડ, હિંદુ કોલોની, દાદર (ઈ) ૧૪. મો. ૯૮૨૦૨૧૩૧૮૩.

4/1/1 --------- (1-1)



**પ્રાગપુર**ના **મધુબેન અરવિંદ સોની** (ઉંમર વર્ષ ૬૪) તા. ૩-૨-૨૫ના હાર્ટફેલથી અરિહંતસરણ થયેલ છે. નાથીબાઈ/વેજબાઈ રતનશીના પૌત્રવધુ. કુંવરબાઈ લાલજી રતનશી સોનીના પુત્રવધુ. અરવિંદના ધર્મપત્ની. અક્ષય, અવનીના માતુશ્રી. લુણીના કસ્તુર લાલજી, રતાડીયા (ગ)ના ભારતી મણિલાલ, કપાયાના બીના સુરેશ, મહેન્દ્ર, જયંતીના ભાભી. કુંદરોડીના અર્પણા ચંદ્રેશ, હિમાંશુ, બીજલ, બગડાના તિલોત્તમા રાજેશ, દેશલપુર (કંઠી)ના નયના રાહુલ, જીનેશ, શ્રેયસ, સ્નેહાના મામી. પ્રીતિના મામીસાસુ. ભોરારાના પાનબાઈ શિવજી, મઠાબાઈ કેશવજી, સુંદરબેન વસનજી, કંચનબેન તલકશીના ભત્રીજા વહુ. ભોરારાના હાસંબાઈ રાઘવજી પુનશીના દોહિત્રા વહુ. વાંકીના રાજબાઈ કેશવજી છેડાના પૌત્રી. મણીબેન મોરારજીના સુપુત્રી. પત્રીના નેણબાઈ માણેકના દોહિત્રી. બેરાજાના મંજુલા ડુંગરશી, વડાલાના નિર્મળા દામજી, ભુજપુરના લક્ષ્મી અરવિંદ, કુંદરોડીના અરૂણા શાંતિલાલ, નિલેશના બેન. (વર્ષા) હંસાના નણંદ. સમીર, વિપુલ, ભાવના, અલ્પા, હર્ષા, હેતલ, પ્રેરણા, વિનીત, નિખિલ, અંકિતના માસી. ચાર્મી, સૌરભના ફુઈ. **પ્રાર્થના રાખેલ નથી.** એડ્રેસ : અરવિંદ લાલજી સોની, ૫૦૩, બી વિંગ, શ્રીરામ એપાર્ટમેન્ટ, એસ.વી. રોડ, મિલાપ પી.વી.આર. સિનેમાની બાજુમાં, કાંદિવલી (વે) ૪૦૦૦૬૭. અરવિંદ-૮૮૫૦૩૬૯૫૫૧, અવની- ૯૭૬૯૨૮૭૭૭૨.

4/1/1 --------- (1-2)



**કપાયા**ના સ્વ. રતનબેન શીવજી લાલજી ગોગરીના જમાઈ **નીતીન શ્રીમાન્કર** (ઉ.વ. ૬૪) તા. ૩૧-૧-૨૫ના રોજ ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. કુસુમના પતિ. ચાર્મી, સાગરના પિતા. કિશોર, વિજયના બનેવી. કવિતા, દીપીકાના નણંદોઈ. સ્મિથ, જૈનમના ફુઆ. કપાયા લાલજી ધારશી રાગાના પૌત્રીવર. સાકરબેન પ્રેમજી, વડાલાના સ્વ. ઉમરબાઈ શીવજીના ભત્રીજી વર. ટોડાના સ્વ. નાનબાઈ હીરજી ગાલાના દોહીત્રીવર. ભાયાવાદળના સ્વ. રામાગૌરી હસમુખલાલ શ્રીમાન્કરના પુત્ર. શૈલેષ, પરેશના ભાઈ. જાગૃતિ, મીતાના જેઠ. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. ઠે. કુસુમ નીતીન શ્રીમાન્કર, ઈ-૧૩૦૩, સુમુખ હીલ્સ, અકુરલી મેટ્રો સ્ટેશનની પાછળ, કાંદીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૧. કુસુમ-૯૩૨૩૯૫૯૪૪૯.

4/1/1 --------- (1-3)



**દેશલપુર**ના **અરવિંદ કુંવરજી છેડા** (ઉ.વ. ૭૩) તા. ૦૨-૦૨-૨૫ના નાગપુરમાં અકસ્માતથી અવસાન પામેલ છે. કેસરબેન કુંવરજી વેરશીના પુત્ર. હંસાના પતિ. હીરેન, સોહીલ, શોભિતનાં પિતાશ્રી. રમણીક, હીરાલાલ, ભુજપુર લીલાવંતી, શાંતીલાલ, તુંબડી અમૃત મગનલાલ, અરૂણા સુર્યકાંત, મેરાવા મધુ દિપક, કોડાય મંજુલા અશ્વિનના ભાઈ. ભાવના, જીગ્નાના સસરા. લક્ષ્મી, હર્ષાના દેવર. અંશ, પાર્થના દાદા. રૂપીન, જયેશ, મયુર, કિરણ, આશાના કાકા. સંગીતા, પુનમ, લીના, વંદના, મનીષ, નિકુંજના કાકાઈ સસરા. બગડા લક્ષ્મીબેન વલભજી ખીમજીના જમાઈ. મણીલાલ, કાંતીલાલ, ચીમનલાલ, પ્રવિણ, મનસુખ, વડાલા મણીબેન હંસરાજ, સાડાઉ અમૃતબેન પ્રેમજીના ભત્રીજી વર. મહેન્દ્ર, પંકજ, પ્રાગપુર રેખા ગીરીશ, કુંદરોડી હર્ષા નીતીનના બનેવી. મીરા, પ્રીતીના નણંદોઈ. દેશલપુર કેશવજી, ધનજી, જગદીશ, વિનોદ, નરેશ, ભારતીના કાકાઈ ભાઈ. દેશલપુર ગંગાબેન કુંવરજી રતનશીના દોહીત્ર. ખીમજી, હીરજી, રવજી, બિદડા લક્ષ્મીબેન કેશવજી, ગેલડા રાણબાઈ પ્રેમજીના ભાણેજ. મંજલ રેલડીયા ટોકરશી, પ્રેમજી ગોસર, તલવાણા કિશોર દેવચંદ દેઢીયાના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. અરવિંદ કુંવરજી, છેડા, ૬૮, વર્ધમાનનગર, નાગપુર-૪૪૦૦૦૮. મો. સોહીલ-૯૪૨૩૬૮૧૦૯૬, મો. શોભીત-૯૪૨૩૧૦૫૧૯૮.

4/1/1 --------- (1-4)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુરંત સંપર્ક કરો ॥**
**નવનીતહાઈટેકહોસ્પીટલદહીંસર-૯૮૨૧૮૧૬૦૦૨,૯૮૩૩૯૩૧૧૫૧**

KVOSJM STHANAKWASI JAIN MAHAJAN
શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ
૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્ક: ૯૦૮૨૨૭૧૨૭૩, સમય : ૧૧ થી ૫
સંચાલિત
નારી ઉત્કર્ષ સમિતિ
શનિવાર, તા. ૮ માર્ચ ૨૦૨૫ ના
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રજુ કરે છે
ગુજરાતની ગરીમા અને ગુજરાતી ભાષાની અસ્મિતા જાળવતો, કર્ણપ્રિય ગુજરાતી ગીતોની હાઉઝીનો રંગારંગ કાર્યક્રમ
સમય : બપોરના ૨.૩૦ કલાકેથી
સ્થળ : શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન વાડી, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ), મુંબઈ-૧૨.
આપણા સમાજના અનેક ગામોના મહિલા મંડળો, જુદા જુદા એરિયાના મહિલા મંડળો, કિટી ગ્રુપ્સ, નારી માટેના આ ખાસ વિશેષ દિવસને ઉજવવાની તૈયારી કરી રહ્યા હશે.
તો ચાલો, આ વરસે આપણે સહુ સાથે મળીને ઉજવણી કરીએ.
ગીત-સંગીત, ધમાલ-મસ્તી, ખાણી-પીણીની આ મહેફિલનો લ્હાવો લેવાનું ચુકતા નહી!
આ સાથે કચ્છી / ગુજરાતી વિવિધ પહેરવેશની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. જેમણે પણ એમાં ભાગ લેવો હોય તેમણે ગુજરાત રાજ્યના પ્રદેશોને અનુરૂપ તૈયાર થઈ પધારવા વિનંતી.
હરિફાઈમાં ભાગ લેવા નામ નોંધાવવા ફરજીયાત છે.
જેમણે મ્યુઝીકલ હાઉઝીની મસ્તી માણવી હોય એમણે પણ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
સીંગલ એન્ટ્રી અને ગ્રુપ એન્ટ્રી બંન્ને લેવામાં આવશે.
ભરપુર ઈનામોની વણઝાર
રૂા. ૨૦૦/-ના નજીવા દરે રજીસ્ટ્રેશન
ખાસ આકર્ષણો
લહેજતદાર, ચટાકેદાર, સ્વાદિષ્ટ ગુજરાતી વ્યંજનોનો અલ્પાહાર
રજીસ્ટ્રેશન ચાર્જ રૂા. ૨૦૦/- વ્યક્તિ દીઠ
Gpay No.: 9322323783 પર ભરવા
રજીસ્ટ્રેશન માટે નીચે આપેલ નંબર પર પેમેન્ટનો Screen short વ્હોલટસએપ પર મોકલવો અને ફોન કરીને અથવા વ્હોટસએપ પર નામ, ગામ, એરીયા, ઉંમર, મોબાઈલ નં. લખીને રજીસ્ટ્રેશન કરાવવું.
વધુ વિગત માટે સંપર્ક
ભાવના ગાલા 9773561165
ડિમ્પલ કેનીયા 9920412628
લિ. નારી ઉત્કર્ષ સમિતિ,
કન્વીનર : મંજુલા પોપટલાલ ગાલા : 9322323783 • કુસુમ રમણીક છેડા : 9833728333

### (JYF) જૈન યુથ ફોરમ
### સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે કોઇ પણ જાતની ચટણી વાપરવી નહીં. (રસેન્દ્રીય પર વિજય મેળવવા)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

● JYF હેલ્પલાઇન નંબર 8591438983.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(21) --------- (A-21359)(2-1)

### મુનિ વિશ્વાનંદ વિજય કહે છે લેખાંક ૧૮

પૂ. સાધુ-સાધ્વીની ગોચરી માટે ભક્તિ ધામ

● વર્તમાન કાલમાં હાયવે પર વિહાર કરવાનાં શરૂ થયા. ધુલીયા રસ્તાઓ ગાડાવાર હવે રહ્યા નથી. પૂજ્યો સીમેંટ- ડામરની સડક પર ચાલે છે. એક જગાથી બીજી જગાએ વિહાર કરી પહોંચે છે, વિહાર ગ્રુપની જેમ વિહાર ધામની જે વ્યવસ્થા શરૂ થઇ છે તે બહુ જ મહત્વની અને જરૂરી છે. ગામડાઓમાં જૈનોની વસ્તી નીકળી ગઇ ઘણા ગામોમાં વસ્તી વિનાના થયા તેથી આ સગવડ બહુ કામની થઇ ગઇ હાલ એક વાત કરવાની છે. શ્રી ગીરનાર તીર્થની યાત્રા ઘણી વધી છે ચાતુર્માસ થાય છે. પૂજ્યોના વિહાર અગાઉ કરતા ઘણા જ ગીરનાર તરફ વધ્યા તેમજ યાત્રિકોની ભરમાર થાય છે. પૂજ્યોને ઘણી જગાએ વિહાર કરતા સગવડ મલી રહે છે પણ ઘણી જગાએ પુરતી સગવડ મળતી નથી કારણ ત્યાં રહેતા જૈનોની વસ્તી નથી વિહાર ધામ નથી આજુ-બાજુના નજીકના કોઇ ગોચરી -પાણી વહોરાવે છે. એક જગાથી અમને ફોટો મોકલવામાં આવેલ પાણી વહોરાવતા તપેલું છટકી જતા બહેન દાઝી ગયા મને તેમની ઓળખાણ છે છત્રાસા તીર્થની યાત્રા કરીને ગિરનાર જતા ત્યાંથી પાછા ફરતા છત્રાસા આવે ત્યાંની વસ્તી બહાર ગામ છે. બાજુના નાના ગામમાં એક જૈન કુટુંબ છે. ચાર જણનું તે ગોચરી પાણી માણસને જમાડવાનું વગેરે ભક્તિ કરે છે સામાન્ય ઘર છે. વિહાર ધામ જેવી સગવડ ત્યાં  ન મળે. વહાં નાચે ગાયે ઝિંદગી યહાં હૈ ભીડ પડી. યહાં હૈ ભીડ પડી જેવી હાલત છે. ગિરનારમાં ઝાકઝમાળ છે જ્યારે અહીંયા મુશકેલી પડે છે. એવા કંઇક ગામો મેં જાણ્યા છે. ભક્તિ કરનાર ભાઇને કંઇક પૂછવું કરવું હોય તો અમે તેમનો સંપર્ક નંબર આપશું. લી. દીપક મગનલાલ જીવરાજ ગાલા કચ્છ : મેરાઉવાલા હાલ થાણા. સંપર્ક નંબર : દિપક ગાલા : ૭૦૪૫૬૫૬૮૭૧, મહાનંદ : ૯૮૯૨૫૫૨૪૯૨.

2/1/1(7) --------- (A-21327)(2-2)

### BORIVALI EXHIBITION

**બોરીવલીમાં ટ્રેડિશનલ અને વેસ્ટર્ન આઉટફિટનું પ્રદર્શન. 6/2/25 Thursday 12 to 7 pm NITAARA PRESENTS-કચ્છ ના કારીગરો દ્વારા બનાવેલી સાડી, દુપટ્ટા, ઘાઘરા ચોલી. બંધેજ, અજરખ, પટોળા અને પ્યોર મોડાલ. Thailand ના વેસ્ટર્ન કોર્ડ સેટ, ડ્રેસેસ, શર્ટસ બેગ્સ ખુબ જ રીઝનેબલ ભાવ માં દીપા દેઢીયા, પ્રતાપ હેરીટેઝ,બી ૨૦૧ એલ ટી રોડ, મલબાર જ્વેલર્સ ની બાજુમાં- બોરીવલી (વેસ્ટ) 9820019533.**

4/1/1(5) --------- (B-21351)(2-3)

### શ્રી વાંકી આઠ કોટી મોટી પક્ષ સ્થા. જૈન સંઘ
### શ્રી નાગ-રત્ન-લઘુ-વિનોદ આરાધના વાટીકા

**ઉપરોક્ત વાટિકા જે આપણા શ્રી સંઘના ઉપાશ્રયની જોડાજોડ આવેલ છે તેનું નુતન ઉદ્દઘાટન તા.૨૦-૪-૨૫, ચૈત્ર વદ-૮ને રવિવારના યોજવામાં આવેલ છે. તે નિમિત્તે તા.૧૮-૪-૨૫, શુક્રવારના સંઘરૂપે વાંકી જવાનું નિર્ધારિલ છે. આ અવસરે સંઘપતિ બનવાનો મહામુલો લાભ- શ્રીમતી મંજુલાબેન પોપટલાલ વીરજી નંદુ અને શ્રીમતી પુષ્પાબેન ભરત વીરજી નંદુ બન્ને પરિવારે સંયુક્ત રૂપે લીધેલ છે. દાતાશ્રીની ભુરી ભુરી અનુમોદના, આભાર. આપણા સંપ્રદાયના ઘણા સંત-સતીજીઓ આ પ્રસંગે વાંકી પધારવાના છે. તો સૌ ધર્મપ્રિય ગામવાસીઓ તથા નિયાણી બહેનોને દર્શન, વંદન, જિનવાણી, વૈયાવચ્ચનો લાભ મેળવવા બહોળી સંખ્યામાં પધારવા આગોતરો નિમંત્રણ આપીયે છીએ. સંઘરૂપે જવાં સોમવાર, તા.૧૦-૨-૨૫ સુધી વહેલી તકે નીચેના કાર્યકર્તાઓ પાસે નામ લખાવી, રૂા. ૨૫૦ ભરવા નમ્ર વિનંતી. સંપર્કઃ મનોજ છેડા-૯૮૧૯૩૪૯૯૩૮, રાજેશ સાવલા-૮૦૮૦૫૫૦૬૮૮ લિ. મંત્રીઓ.**

4/1/1(9) --------- (A-21379)(2-4)

### શ્રી રૂપાંદે માને (દેશલપુર-કંઠી) સ્થાને નમતા વીરા નુખના ભાવિકોની ૪૩મી સમૂહ પહેડી

શ્રી કચ્છ દેશલપુર (કંઠી) સ્થાને બિરાજતા પૂ.કુળદેવી શ્રી રૂપાંદે માને નમતા કચ્છના સમસ્ત વીરા ભાવીકોની ૪૩ મી સમૂહ પહેડી તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫, શનિવારે સાંજે યોગી સભાગૃહ, દાદર (ઈ) મધે રાખવામાં આવેલ છે.

● આ વર્ષે સમૂહ પહેડી આના ફોડથી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. એક કુપન ના દાતા પત્રક રૂા. ૧૦૦૦/- લેખે છે. ભાગ્યશાળી ભાવિકો સમય ઓછો હોવાથી વહેલી તકે રવિવાર તા. ૨૬-૧-૨૦૨૫, પાના નં. ૨ ઉપર આપેલ સેંટરો ઉપરથી કુપન મેળવી લેશો.

● વિવિધ લાભો પોંખણા, પાંચ ઘડી, ત્રણ થાળ ના ડ્રો મેમ્બરો તથા ભાવિકોની હાજરીમાં ૯ ફેબ્રુઆરી, રવિવારે, ૩ થી ૫ કલાકે, કચ્છ યુવક સંઘ કાર્યાલય, પહેલે માળે, તક્ષશીલા કો. ઑ.હા.સો., ગોકુલદાસ માધવદાસ પાસ્તા રોડ, પેટ્રોલપંપની સામે, દાદર (પૂ), મું ૧૪. મધ્યે રાખવામાં આવેલ છે. ડ્રોની મિટીંગ પહેલા કુપન લેનાર ભાગ્યશાળીઓને ડ્રોનો લાભ મળશે.

● સમસ્ત વીરા ભાવિકો, નિયાણી બહેનો પહેડીની તારીખ આપની ડાયરીમાં લોક કરી દેશો.

● વધુ વિગત સંપર્ક : અશોક વીરા - ૯૮૧૯૬૯૭૭૨૬, સુનીલ વીરા -૯૮૨૧૦૫૧૭૫૭, ચેતન વીરા - ૯૩૨૪૦૨૩૨૨૨. બહારગામ વસતા ભાવિકોને પહેડીની જાણ જરૂરથી કરશો.

● લિ.એડહોક કમિટીના જય માતાજી.

● જા.ખ.સો.શ્રી મણીલાલ કાનજી વીરા (નાની ખાખર)

4/1/1(40) --------- (B-21380)(2-5)

## સંસ્થાકીય મિટીંગ

### શ્રી ક.વિ.ઓ. સ્થા. જૈન સંઘ બોરીવલી
### વાર્ષિક સામાન્ય સભા

શ્રી સંઘનાં સભાસદોની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૩-૨-૨૦૨૫નાં સવારે ૧૦.૦૦ વાગે શ્રી સંઘનાં ઉપાશ્રયમાં પહેલે માળે, ભાગવંતી એપા., કાર્ટર રોડ નં.૧, બોરીવલી (ઈ.)માં નીચેનાં એજન્ડા માટે મળશે.

● (૧) ગત સભાની મીનીટસનું વાંચન અને મંજુરી.

● (૨) હીસાબી વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હીસાબોની રજુઆત અને મંજુરી.

● (૩) વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડીટરની નિમણુંક અને તેનું મહેનતાણું નક્કી કરવું.

● (૪) પ્રમુખ સ્થાનેથી જે રજુઆત થાય તે. લિ. ભારતી છેડા, દીલીપ ગાલા : માનદ્ મંત્રીઓ.

4/1/1(34) --------- (A-21378)(2-6)

### મુલુંડ ક.વિ.ઓ. ટ્રેકીંગ યુનીટ
### આબુ, દાંડેલી, નેનીતાલ, મનાલી કેમ્પ

કચ્છી અને ગુજરાતી સમાજમાં ટ્રેકીંગ અને એન્ડવેન્ચર સ્પોર્ટના પ્રણેતા છેલ્લા ૩૮ વર્ષથી આયોજન કરતી સંસ્થા ઉંમર વર્ષ ૧૧ થી ૧૫ વર્ષ માટે.

● આબુ : તા. ૨-૫-૨૫ થી ૭-૫-૨૫ દિ. ૬. ચાર્જ ૯૫૦૦. Sp. Dis. 1000 Book Before 27-2. A.C. Train.

● દાંડેલી તા. ૧૦-૫-૨૫ થી ૧૫-૫-૨૫ ૬ દિ. ચાર્જ ૧૧૨૦૦. Sp. Dis. 1000 Book Before 5-3. રીસોર્ટ વીથ સ્વીમીંગ પુલ. સ્લીપર ટ્રેન.

● નેનીતાલ : તા. ૪-૫-૨૫ થી ૧૧-૫-૨૫. દિ. ૮. ચાર્જ ૧૭૦૦૦. Sp. Dis. Book Before 1-3. Rs. 1500. એ.સી. ટ્રેન, એ.સી. બસ.

● મનાલી : તા. ૧૪-૫ થી ૨૩-૫. દિ. ૧૦. ચાર્જ ૧૮૫૦૦. Sp. Dis. Book Before 10-3. Rs. 1500. A.C. Train, Vlvo bus. જ્ઞાતિબાધ નથી. વધુ વિગત માટે અને નામ નોંધાવા ગીતા ગાલા-૯૮૨૧૦૩૫૩૯૧, જીતુ-૯૮૨૦૦૦૨૦૫૦, ભુમીકા-૯૦૮૨૦૫૧૯૮૯, રીટા-૯૦૮૨૦૯૦૮૫૪. લિ. મંત્રી.

4/1/1(39) --------- (A-21369)(2-7)

### ધજા - ધજા - ધજા

બિદડા સ્થાને શ્રી મોમાય માતાજીને નમતા મારૂ નુખનાં ભાવિકોની ધજા. પ્રાતઃ સ્મરણીય આદ્ય શક્તિ મનોવાંછાપુર્તિ એવા શ્રી મોમાય માતાજીને નમતા ભાવિકોને જણાવાનું કે ચૈત્ર સુદ પુનમ, હનુમાન જયંતિના તા. ૧૨-૪-૨૫ને વાર શનિવારનાં દિવસે માતાજીના મંદિરની ધજા બદલીનો લાભ. શ્રી મોમાય માતાજીના પરમ ભક્ત એવા માતુશ્રી દમયંતીબેન અશ્વિનભાઇ વિસનજી મારૂ હસ્તે : રૂપલ સમીર, શિલ્પા પિયુષ, ટવીંકલ ધવલ, હર્ષ, ધ્રુવ, મોક્ષ પરીવારે લીધેલ છે અને સકળ ભાવિક મંડળને સ્થાને પધારવા આમંત્રણ આપેલ છે. તો આપ સૌ બહોળી સંખ્યામાં સ્થાનિકે પધારીને ખુબ ઉત્સાહપૂર્વક આ પ્રસંગને દિપાવશો અને ટીકીટ ફેબ્રુઆરી મહીનામાં નીકળશે. એની ખાસ નોંધ લેશો. સ્થાનિકે રહેવાની અને ધજાનાં દિવસે ત્રણ ટાઇમની સાધર્મિક ભક્તિ મંડળ તરફથી રહેશે. લિ. મારૂ ભાવિક મંડળનાં જય માતાજી.

4/1/1(30) --------- (A-21361)(2-8)

## શૈક્ષણિક

### વ્યક્તિની ઉંચાઇનું આધારરૂપ કેન્દ્ર બિંદુ એટલે સોનગઢ રત્નાશ્રમ

સાચા જૈન શ્રાવકનું ભાવિ સોનગઢ રત્નાશ્રમનાં વર્ગખંડમાં ઘડાઇ રહ્યું છે. આવર્ગખંડમાં જ બાળકને શું બનવું છે તેનાં વિચારો સ્ફુરીત થતા હોય છે. એવાં વર્ગખંડો એટલે સોનગઢ રત્નાશ્રમ. અહીંના વર્ગખંડમાંથી બાળકને જીવનમાં આવતા નવા પડકારો સામે લડત લડવાની પ્રેરણા મળે છે. અહીંના વર્ગખંડમાંથી બાળકને માત્ર શિક્ષણ જ નહીં પણ સાથે સાથે જીવન જીવવાની યોગ્ય કળા શીખે છે જેમ કે સંસ્કાર, સદાચાર, નીતી, નિયમ, શિસ્ત વગેરે એ જાણીને ગામ : મેરાઉ-સાંતાક્રુઝનાં સ્વ. શ્રી મેઘજી લખમશી ફુરીયાની તા. ૫-૨-૨૦૨૫નાં રોજ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રીમતી ઉર્મીલાબેન મેઘજી ફુરીયા એ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી સ્વ. શ્રી મેઘજીભાઇને ખરી શ્રધ્ધાંજલી અર્પણ કરી. લિ. પંકજ ગોપાલજી ગાલા-કારોબારી સભ્ય-વડાલા-૯૮૨૧૨૯૯૦૯૯.

4/1/1(17) --------- (A-21348)(2-9)

### સોનગઢ રત્નાશ્રમ એટલે અવસરનું સંભારણું

ઘરમાં આવેલ દરેક શુભ અવસરની ઉજવણી સોનગઢ રત્નાશ્રમ સંગ થાય તેનાથી વિશેષ સંભારણું શું હોઈ શકે ? તેને સમજતાં ગામ-છસરા / સાંતાક્રુઝ ના માતુશ્રી જયાબેન પ્રેમજી (પોપટ ) પાસુ ગાલાના પૌત્ર, અ.સૌ.અલ્પા કૌશીક ગાલાના પુત્ર ચિ. આકાશના શુભ લગ્ન કચ્છ ઉનડોઠ નાં અ.સૌ.જયવંતીબેન વલ્લભજી શામજી છેડા ની પૌત્રી અને અ.સૌ.અંજના રાહુલ છેડા ની પુત્રી ચિ.વિધિ સાથે થયા તેની ખુશાલી પ્રસંગે સોનગઢ રત્નાશ્રમ ની વિદ્યાદાતા યોજનામાં રૂ.૧૧૦૦૦/- નું અનુદાન આપીને પોતાના અવસર નું સંભારણું બનાવેલ છે.જ્યાં ૫૨૦ જેટલા વિદ્યાર્થીઓ વ્યવહારિક શિક્ષણ ની સાથે સાથે શિક્ષણ શારિરિક,માનસીક તેમજ આધ્યાત્મિક વિકાસની કેડી કંડારી રહ્યા છે. લિ. પરેશ છેડા-કારોબારી સભ્ય-પ્રાગપુર-૯૩૨૪૮૫૪૧૧૭.

4/1/1(42) --------- (A-21396)(2-10)

### શ્રી થાણા આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ

**આપણાં સંઘનાં નેજા હેઠળ સૂમહ સામાયિક ધર્મ આરાધના તા. ૯-૨-૨૦૨૫, રવિવાર બપોરનાં ૩ થી ૫ દરમ્યાન રાખવામાં આવેલ છે. જેમાં ગામ : દેશલપુરનાં સુશ્રાવક શ્રી વૈભવભાઈ ગાલા ધર્મ આરાધના કરાવવા આવશે. ઘણાં લાંબા સમયનાં વિરામ બાદ સમૂહ ધર્મ આરાધના રાખવામાં આવેલ છે. તો થાણા તેમજ આસપાસનાં પરામાં રહેતા સર્વે શ્રાવકો, શ્રાવિકાઓ, યુવાનો, યુવતીઓ, બાળકો ફક્ત ૨ કલાકનો સમય ફાળવી આત્મ કલ્યાણ કરવા માટે અચુક બહોળી સંખ્યામાં લાભ લેવા વિનંતી. સ્થળ : જય મંગલ ભવન, ઋષભ અજીત જીનાલયની બાજુમાં, રામ મારૂતિ ક્રોસ રોડ નં.૧, નૌપાડા, થાણા (વે.) લિ. સંઘપતિ : પ્રવિણ ગાલા.**

4/1/1(10) --------- (A-21397)(2-11)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# જીવદયા અનુદાન

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

સાંગલીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૨૭૦૦/- સ્વ. શ્રી હરખચંદજી તેજરાજજી છાજેડનાં સ્મરણાર્થે હ. નવરત્ન ડીસ્ટ્રીબ્યુટર્સ ડોઠારીયા-રાજસ્થાન, ૨૨૫૦/- ન્યુ ભારતી ટ્રેડર્સ હ. વિશાલ લલીત છેડા-હાલાપુર, ૨૦૦૦/- ડો. નિલેશ મગનલાલ શાહ-હાલાપુર, ૨૧૦૦/- જેક એન્ડ જીલ હ. દિનેશ વેલજી દેઢીયા-કોડાય, ૨૦૦૦/- ચિત્રા નાઈટી સેન્ટર હ. રંજનબેન દામજી શાહ-શેરડી, ૨૦૦૦/- નીતીન ફેબ્રીક્સ હ. પ્રદીપ મોહનલાલજી બાફના જોધપુર, ૨૦૦૦/- શ્રી જૈન શ્વેતાંબર અમીઝરા વાસુપુજ્ય સ્વામી જૈન મંદિર ટ્રસ્ટ-માધવનગર, ૨૦૦૦/- કલ્પેશ કિરણ ફુરીયા-મિરજ/બિદડા. લિ. સંજય હરીયા-શેરડી, વિજય હીરજી કારાણી-ખારૂઆ.

● જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(33) --------- (A-21366)(3-1)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

સાંગલીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૫૨૫૦/- ગીતા ડ્રાયફ્રુટ એન્ડ સ્પાઈસીસ હ. પ્રેમીલાબેન પ્રફુલભાઈ ગાલા-ભોજાય, ૫૧૦૦/- બોની મેન્સ કલેક્શન હ. દિપક પ્રેમચંદ શાહ-લાઠી, ૪૦૦૦/- એ વન પ્લાસ્ટીક હ. ચંદ્રકાંત કે. માલદે-લુણી, ૩૭૫૦/- સોહમ મોબાઈલ-કોટડા રોહા, ૩૬૫૦/- પી.એમ. એન્ટરપ્રાઈઝ હ. શૈલેષભાઈ આંગડીયા, ૨૯૦૦/- સાંગલી સો મીલ હ. તુલસીભાઈ પટેલ-નાના કાદીયા, ૨૮૦૦/- મૈત્રીણ મેક્ષ હ. રમેશ લક્ષ્મીચંદ ગંગ્વાણી, ૨૫૦૦/- મોતી ટ્રેડર્સ હ. અવીનકુમાર એમ. જૈન ડોઠારીયા-રાજસ્થાન, ૨૫૦૦/- રેન્બો મેચીંગ હ. જયંત ખીમજી શાહ-કોડાય. લિ. મેહુલ તલક દેઢીયા-કોડાય, ધીરજ દેઢીયા-કોકલીયા.

● જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(32) --------- (A-21367)(3-2)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

સાંગલીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૧૧૫૦/- ધીરજ ઉમરશી વીસરીયા-માધવનગર-ગઢશીશા, ૧૧૦૦/- સ્વસ્તિક ઈલેક્ટ્રીકલ્સ-વિઢ, ૧૧૦૦/- શ્રધ્ધા બેગ્સ હ. શૈલેષભાઈ આંગડીયા, ૧૧૦૦/- મહેતા જ્વેલર્સ હ. કાંતીલાલ મહેતા, ૧૧૦૦/- આઝાદ લાઈટ હાઉસ હ. ભરતભાઈ ગંગર-છસરા, ૧૧૦૦/- અરિહંત એન્ટરપ્રાઈઝ-કો. મહાદેવપુરી, ૧૧૦૦/- વિજય સ્ટીલ સેન્ટર હ. કસ્તુરબેન વિજય કારાણી-ખારૂઆ, ૧૧૦૦/- શિવ ટીમ્બર માર્ટ હ. પિયુષભાઈ પટેલ, ૧૧૦૦/- છાયા ડ્રેસેસ હ. દર્શન પ્રવિણ શાહ-શેરડી, ૧૧૦૦/- પરીન હ. હરીશભાઈ લાલન-કોડાય. લિ. મેહુલ તલક દેઢીયા-કોડાય, ધીરજ દેઢીયા-કોકલીયા.

● જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(29) --------- (A-21364)(3-3)

**એકાઉન્ટન્ટ જોઈએ**

**પ્રસિધ્ધ લોજીસ્ટીક કંપની ભાવના રોડવેઝને બોરીવલી બ્રાન્ચ માટે ૧૦ વર્ષનાં અનુભવીએકાઉન્ટન્ટજોઈએછે.ટેલીનુંતેમજ કોમ્પ્યુટરનું સંપુર્ણ જ્ઞાન જરૂરી. બાયોડેટા ફોટો સાથે સંપર્ક : ૯૩૨૨૭૧૭૦૩૨. મેલ :**
**hr@bhavnaroadways.com**

4/1/1(6) --------- (B-21377)(3-4)

**શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ)**
**આભાર માને છે**

૨૫૦૦૦/- મે. મોહન મુથા એક્સપોર્ટ, ૨૫૦૦૦/- શ્રીમતી સરોજબેન નરોત્તમદાસ શાહ-માટુંગા, ૨૫૦૦૦/- શાહ ઉષાબેન નરોત્તમદાસ-માટુંગા, ૧૫૦૦૦/- શ્રીમતી સરલાબેન કિશોરભાઈ મોદી-માટુંગા, ૧૮૦૦૦/- શ્રી પાર્શ્વ તિલક શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ-મુંબઈ, ૧૧૦૦૦/- શ્રી ક.વિ.ઓ. જૈન સંઘ-તારદેવ. સર્વે જીવદયાપ્રેમી ઉદાર દિલ દાતાશ્રીઓને ૬૯૨૩ અબોલ પશુઓ વતી શુભ આશીર્વાદ પાઠવીએ છીએ. સૌને યથાશક્તિ દાન માટે નમ્ર વિનંતી છે. આપનાં અનુદાન માટે મુંબઈમાં સંપર્ક : અમૃતલાલ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮, સુરેશભાઈ કુબડીયા-૯૯૨૦૮૦૭૨૫૦, દેવેનભાઈ જોશી-૯૩૨૦૦૭૭૮૮૧. લિ. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી વતી મંત્રી.

4/1/1(16) --------- (A-21337)(3-5)

**શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ)**
**આભાર માને છે**

૩૦૦૦૦/- શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ (વે.), ૨૦૦૦૦/- શ્રી ધર્મનાથ સ્વામી દેરાસર જવાહરનગર ગોરેગાંવ શ્રી સિધ્ધચક્ર પુજન પ્રસંગે, ૧૧૦૦૦/- શ્રી શાંતિ કમલ જૈન સંઘ -ચીંચપોકલી, ૯૫૦૦/- શ્રી વાસુપુજ્ય સ્વામી ગૃહ જિનાલય-માટુંગા (વેસ્ટ), ૬૦૦૦/- શ્રીમતી નિર્મળાબેન શાહ-બિદડા. સર્વે જીવદયાપ્રેમી ઉદાર દિલ દાતાશ્રીઓને ૬૯૨૩ અબોલ પશુઓ વતી શુભ આશીર્વાદ પાઠવીએ છીએ. સૌને યથાશક્તિ દાન માટે નમ્ર વિનંતી છે. આપનાં અનુદાન માટે મુંબઈમાં સંપર્ક : અમૃતલાલ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮, સુરેશભાઈ કુબડીયા-૯૯૨૦૮૦૭૨૫૦, દેવેનભાઈ જોશી-૯૩૨૦૦૭૭૮૮૧. લિ. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી વતી મંત્રી.

4/1/1(15) --------- (A-21338)(3-6)

**શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ)**
**આભાર માને છે**

૨૫૦૦૦/- શ્રી વસનજી ભાણજી ગડા હ. શ્રીમતી ઝવેરબેન વસનજી ગડા ગઢશીશા હાલે મુંબઈ, ૫૧૦૦/- શ્રી સંજયભાઈ રમેશચંદ્ર-ડોંબીવલી, ૫૦૦૦/- શ્રી જયેશકુમાર છબીલદાસ શાહ ઉસ્માનપુરા-અમદાવાદ, ૫૦૦૦/- શ્રી યોગેશભાઈ શાહ-સાંતાક્રુઝ, ૫૦૦૦/- શ્રી મણીલાલ બી. ગાલા-છસરા/ભાયખલા. સર્વે જીવદયાપ્રેમી ઉદાર દિલ દાતાશ્રીઓને ૬૯૨૩ અબોલ પશુઓ વતી શુભ આશીર્વાદ પાઠવીએ છીએ. સૌને યથાશક્તિ દાન માટે નમ્ર વિનંતી છે. આપનાં અનુદાન માટે મુંબઈમાં સંપર્ક : અમૃતલાલ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮, સુરેશભાઈ કુબડીયા-૯૯૨૦૮૦૭૨૫૦, દેવેનભાઈ જોશી-૯૩૨૦૦૭૭૮૮૧. લિ. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી વતી મંત્રી.

4/1/1(14) --------- (A-21339)(3-7)

**શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે**
**દાન માટે સં. મુંબઈ-૯૩૭૨૩૯૮૬૦૭**

**૧૧૦૦૦/- માવિત્ર શ્રી શાંતાબેન માવજી ભાણજી છેડાનાં સ્મરણાર્થે હસ્તે પુત્રવધુ અ.સૌ. વિમળાબેન નવિન છેડા (ભુજપુર-ભુજ-વિલેપાર્લા-વેસ્ટ-જુહુ) દાતા પરીવાર તરફથી અવાર નવાર પાંગળા પશુ-પક્ષીની આંતરડી ઠારવા અનુદાન આવી રહ્યું છે તે માટે ભુરી ભુરી અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટી.**

4/1/1(3) --------- (A-21325)(3-8)

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ કચ્છ-માંડવી**
**(પ્રેરક : મુનીશ્રી શુભ વિજયજી)**

૧૧૦૦૦/- ચાંપશી પદમશી પરી. સંચ. દેવરત્ન ચેરી. ટ્રસ્ટ-વડોદરા, ૧૦૭૮૭/- છોટાલાલ માણેકલાલ શાહનાં જન્મ દિવસ નિમિત્તે-માંડવી, ૧૦૪૦૦/- વૃજલાલ મુલજી શાહ HUF દુર્ગાપુર (નવાવાસ), ૧૦૧૫૦/- સ્વ. ભચુભાઈ મોમાયા વારયા (મિ. જમણ) કોડાય, ૧૦૧૧૧/- પદમાવતી પ્રિન્ટસ ગ્રાફીક્સ-જોગેશ્વરી, ૯૬૯૩/- શ્રી એક સદ્ગૃહસ્થ તરફથી-મુંબઈ, ૯૫૩૦/- સંકેત કીર્તીભાઈ જૈન-વડગામ, ૯૪૦૦/- અંકુરભાઈ ભુપેન્દ્રભાઈ દોશી-મુંબઈ, ૯૪૪૫/- મંજુલાબેન પ્રવિણચંદ્ર ફુરીયા-નાંગલપુર, ૯૨૭૦/- દીલીપભાઈ પાનાચંદભાઈ શાહ-માંડવી. દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ. ટે. ૯૦૦૪૬૪૬૦૪૪, ૭૫૦૮૮૦૮૮૬૬, ૦૨૨-૨૪૧૧૧૧૦૫, ૬૬૧૫૩૪૦૪.

4/1/1(11) --------- (A-21333)(3-9)

**શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ)**
**આભાર માને છે**

૧,૨૫,૦૦૦/- શ્રી મોતીશા ચેરીટેબલ ફાઉન્ડેશન-ભાયખલા, ૭૫૦૦૦/- શ્રી સર્વોદય વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-મુલુંડ (વે.), ૫૦૦૦૦/- એક સદ્ગૃહસ્થ હ. હેમાંગ બાબરીયા, ૪૧૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (સેક્ટર નં. ૧૪) વાશી, ૩૧૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-ભાંડુપ (વે.). સર્વે જીવદયાપ્રેમી ઉદાર દિલ દાતાશ્રીઓને ૬૯૨૩ અબોલ પશુઓ વતી શુભ આશીર્વાદ પાઠવીએ છીએ. સૌને યથાશક્તિ દાન માટે નમ્ર વિનંતી છે. આપનાં અનુદાન માટે મુંબઈમાં સંપર્ક : અમૃતલાલ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮, સુરેશભાઈ કુબડીયા-૯૯૨૦૮૦૭૨૫૦, દેવેનભાઈ જોશી-૯૩૨૦૦૭૭૮૮૧. લિ. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી વતી મંત્રી.

4/1/1(10) --------- (A-21336)(3-10)

**શ્રી કારાઘોઘા કરૂણા જીવદયાપ્રેમી**
**શ્રીમતી સરસ્વતીબેન મંગલનાથ પરીવાર**

કારાઘોઘાના શ્રીમતી સરસ્વતીબેન મંગલનાથ ગુંસાઈ પરિવાર તરફથી સ્થાનિકે મા ગાત્રાળ માતાજી ના હવન (તા.૫/૨/૨૫) નિમિત્તે અબોલ જીવોને નીરણ, ચણ, રોટલાનું અનુદાન સપૂણ્યનું ભાથું ધરતા રૂ. ૫૧૦૦/- અર્પણ કરતા દાતાશ્રી પરિવારની ખુબ ખુબ અનુમોદના ધન્યવાદ સહ આભાર. શ્રી ગાત્રાળ માતાજીની કૃપાથી સમગ્ર દાતાર પરિવારનું જીવન સદાય સુખમય તંદુરસ્ત અને દીર્ઘાયુ બની રહે એ જ શુભેચ્છા. લી. કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટ વતી મંત્રીઓ શ્રી અનિલ હેમરાજ શેઠીયા અને શ્રી ભાવિન ઉત્તમચંદ નાગડા.(સૌજન્યઃ- મે. લા ઈટાલીયા માર્બલ-વિક્રોલી.)

4/1/1(27) --------- (A-21352)(3-11)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૭૫૫૫૫**

સાંગલીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૧૭૮૦/- સુમિત મદન શીંદે, ૧૬૫૧/- ભારત ફરસાણ હાઉસ ઉમલેટા, ૧૫૦૦/- અષ્ટ વિનાયક ઝેરોક્ષ સેન્ટર, ૧૫૦૦/- પંચદીપ હ. ધનજી રાયશી ભેદા-મોટી ખાખર, ૧૫૫૦/- હરીઓમ ફર્નિચર હ. નીતેષભાઈ પટેલ-રામપર નેત્રા, ૧૧૫૧/- નવરત્ન ટ્રેડર્સ હ. યશ જૈન-ડોઠારીયા-રાજસ્થાન, ૧૧૦૦/- બાપા દયાલુ ટ્રેડીંગ કં. હ. અતુલભાઈ ઠક્કર-જડોદર કોટડા, ૨૦૦૦/- નવરત્ન ડીસ્ટ્રીબ્યુટર્સ હ. તિર્થરાજજી હરખચંદજી છાજેડ-ડોઠારીયા-રાજસ્થાન, ૧૨૦૦/- અરીહંત ઝેરોક્ષ એન્ડ ટાઈપીંગ સેન્ટર-નરેડી, ૧૧૦૦/- શહા હોસ્પીટલ-હાલાપુર. લિ. સંજય હરીયા-શેરડી, વિજય હીરજી કારાણી-ખારૂઆ.

● જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.

4/1/1(28) --------- (A-21365)(3-12)

**જીવદયા દાતાશ્રીઓનો આભાર**
**શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯**

શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક ચીંચબંદર. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે જે માટે રૂા. ૫૦૦/- હસમુખ ચીમનલાલ જૈન રૂા. ૧૦૦૦/- શા. લન્સી લાલજી નાનમલજી રૂા. ૧૦૦૦/- પરીમલ માર્કેટીંગ રૂા. ૪૦૦૦/- એક સદ્ગૃહસ્થ રૂા. ૧૦૦૦/- રૂા. ૧૦૦૦/- એક સદ્ગૃહસ્થ રૂા. ૨૦૦૦/- એક સદ્ગૃહસ્થ જુ. બા. ૧ કસ્તુરબેન હીરજી રાંભીયા-ડેપા (૨૫મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે જીનલ દિપેશ કોરાણી-કપાયા) શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(38) --------- (A-21370)(3-13)

**જીવદયા દાતાશ્રીઓનો આભાર**
**શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯**

શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક ચીંચબંદર. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે જે માટે જુ.બા. ૨ મિલન સ્ટોર્સ પરેલ જુ. બા. ૨ વિધિ પરેશ સતરા મુલુંડ જુ.બા. ૨ પુર્ણીમા પરેશ સતરા મુલુંડ જુ.બા. ૨ કેશવજી હીરજી ગોગરી પત્રી જુ.બા. ૪ શાંતીલાલ દામજી ગાલા જુ.બા. ૪ રાજ ગ્રેન સ્ટોઅર્સ મું. સેન્ટ્રલ જુ.બા. ૪ પરેશ મગનલાલ સતરા મુલુંડ જુ. બા. ૫ લબ્ધી વિવેક સંગોઈ ઘાટકોપર જુ.બા. ૩ મનોજ પ્રામાણીક સ્ટોર્સ ડોંગરી જુ.બા. ૧ જુ. બા. ૧ કામધેનુ સુપર સ્ટોર્સ મુલુંડ (દાળીયા બા. ૧ કિશોર કાનજી સંગોઈ મુલુંડ) (દાળીયા બા. ૧ પ્રેમજી રવજી ગાલા મું. સેન્ટ્રલ) જુ.બા. ૧ નરેન્દ્ર મણીલાલ ડોંબીવલી. શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(36) --------- (A-21371)(3-14)

**જીવદયા દાતાશ્રીઓનો આભાર**
**શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું. ૯**

શ્રી રામજી મુલજી દેવશી જૈન ધર્મ સ્થાનક ચીંચબંદર. પી.પી. ૯૯૨૦૦૨૧૧૯૧. જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે જે માટે જુ.બા. ૧ નીનામા તેજુ હીરા સંગોઈ સમાઘોઘા જુ.બા. ૧ વીરચંદ મોણશી મુલુંડ જુ. બા. ૧ માવજી હંસરાજ જુ.બા. ૧ વિશાલ પાસડ મુલુંડ જુ.બા. ૨ રૂક્ષ્મણીબેન કેશવજી સંગોઈ જુ. બા. ૨ સુંદરબેન દામજી સંગોઈ કપાયા જુ.બા. ૨ કસ્તુરબેન કલ્યાણજી ગાલા સમાઘોઘા જુ. બા. ૨ મનોજ કુમાર કાંતીલાલ જુ.બા. ૨ ગ્રીષ્મા રાજેશ છેડા ઘાટકોપર જુ.બા. ૨ ભાવેશ અરવિંદ ભેદા સુરત જુ.બા. ૨ ઝવેરબેન ગાંગજી ગાલા ગુંદાલા જુ.બા. ૨ બ્રાહ્મી ટ્રેડર્સ કુર્લા. શ્રી સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એ જ લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(35) --------- (A-21372)(3-15)

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

**● રૂા. ૧૧૦૦૦/- ગામ : મેરાઉનાં મેઘજી લખમશી ફુરીયાની પુણ્યતિથિ નિમિત્તે એક ગાય દત્તક હસ્તે ઉર્મિલાબેન ફુરીયા હાલે સાંતાક્રુઝ તરફથી જીવદયા અનુદાન. તે માતુશ્રી હીરબાઈ માલશી મારૂનાં દિકરી છે અને ગામ : બિદડાના નિયાણીબેન છે. સદ્ગતનો આત્મા શિઘ્રાતિશિઘ્ર મોક્ષ ગતિ પામે એ જ સંસ્થા વતી ગૌમાતા અને પ્રભુને પ્રાર્થના સહ આભાર.**

**● CSR & 80 G Tax Benefit Available.**

**● સંપર્ક : રાજેશ છેડા-૯૮૨૦૦૮૬૪૬૬, દિનેશ રાજા-૯૮૧૯૧૪૬૭૯૯.**

4/1/1(11) --------- (A-21399)(1-5)

**લોનાવાલા**

રોજિંદા ભાડાથી ૩-બેડરૂમ, હોલ, કિચનનો લક્ઝુરીયસ બંગલો, સ્વીમીંગ પુલ, એ.સી., ફ્રીજ, ટીવી, ગેસ, વાસણો, કેરટેકર સાથે જુઓ વેબસાઈટ Lonavalastay.yolasite.com (MTDC Approved) સંપર્ક : રાજેશ શાહ-૯૮૨૦૩૩૪૩૪૫, ૯૭૦૨૬૬૮૮૦૦.

2/1/1(8) --------- **(B-21326)(4-1)**

**'જુનુ સોનુ ચાંદી'**

જુનુ સોનુ ચાંદી હીરા મોતીના દાગીના કસર કાપ્યા વગર ખરીદશું.

- સોનુ : 82000/- 24 K
- ચાંદી : 95000/- 1 Kg
- ડીઝાઈનર સર્ટીફાઈડ ડાયમંડ જ્વેલેરી પર 15% Discount.
- વલ્લભદાસ & સન્સ જ્વેલર્સ, શોપ નં. ૬ જવેરી બીલ્ડીંગ, ડી.જે.રોડ, સ્ટેશન સામે, વિલેપાર્લા (વે.) Mob. 9930644520.

4/1/1(6) --------- **(N-21328)(4-2)**

**! સોની કાનજી આણંદજી જ્વેલર્સ !**

**'રેપ્યુટેડ જવેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં'**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

- સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(9) --------- **(N-21324)(4-3)**

**કબજિયાત ગેસ અપચો, બહાર આવેલો પેટ, માનવ સેવા હેતુ માત્ર ૫૫૦ રૂ**

પ્રણામ શરીર શુધ્ધિ ચુર્ણ જુનામાં જુની કબજીયાત નીકળી જશે, ખોરાક બરાબર પાચન થશે, ગેસ અને વાયુ ના કારણે થતાં શરીર ના દુખાવામાં ખૂબ જ ઉપયોગી છે, હીમોગ્લોબીન વધશે, બલ્ડકલોટ કોલેસ્ટ્રોલ નીકળી જશે હાર્ટઅટેક થી બચાવે અને ૮૦ કરતા પણ વધુ બીમારીઓ માં કામ આવે છે એવું અકસીર ચુર્ણ નું રાહત દરે વિતરણ ચાલુ છે લાભ લેશોજી સંપર્કઃ પંકજભાઈ દેઢીયા-ડોંબીવલી ઈસ્ટ પ્રભાત ફુડસ 9702168192, મુલુંડ નાગરીક સ્ટોર્સ 9322899766 ઘાટકોપર ઈસ્ટ ફુડસ્પોટ 9820042883 હિંદમાતા દાદર સાંતાક્રુઝ પ્રિયંકકુમાર સારીઝ 9820785289 નાલાસોપારા કેવીઓ ગૃહ ઉદ્યોગ 9820852668 બોરીવલી વેસ્ટ જનતા સ્ટોર્સ 269042000.

4/1/1(3) --------- **(B-21230)(4-4)**

**LIC + મેડીકલેમ + મ્યુચલ ફંડ**

ટેક્ષ ફ્રી આજીવન પેન્શન આપતી એકમાત્ર LIC પોલીસી જેમાં વીમા કવચ પણ આજીવન ચાલુ રહે છે. LIC માં જીવનવીમો લઈ મ્યુચલ ફંડમાં બચત કરી અને સારું વળતર મેળવો. ૬૦૦% બોનસ આપતી એકમાત્ર મેડીક્લેમ પોલિસી વધુ વિગત માટે સંપર્ક : હંસા મોતા (ભુજપુર) MDRT (USA) 9324040850 / 9821485719

2/1/1(2) --------- **(B-21279)(4-5)**

**દેશ વિદેશ કુરિયર** 24x7

એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે ઉત્તમ સર્વિસ અને વ્યાજબી ભાવે એરપોર્ટ ટુ એરપોર્ટ, ડોર ટુ ડોર Cargo તેમજ Exhibition માટે Bulk Load/ Sample / Freight Economic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - Free Pick Up Service PAC n DELIVER. M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(1) --------- **(B-21286)(4-6)**

**રેસમવર્ક એમ્બ્રો. સાડીઓ નવો સ્ટોક**
**શ્રી મહાવીર એમ્બ્રો. માટુંગા**

**રેસમવર્કમાં મોટાઓ માટે લાઈટ કલર - લાઈટ વેઈટ જોરજટ અને ક્રેપમાં તૈયાર સાડીઓ મળશે હેન્ડવર્ક પારસીવર્કમાં નવો સ્ટોક તૈયાર તેમજ આપના ઓર્ડર મુજબ SP.OFFER :- સાચી જરીની દરેક આઈટમ બઝારથી વધારે ભાવથી વેંચવા લઈ આવો. તરત જ કેસ પેમેન્ટ. શ્રી મહાવીર એમ્બ્રોઈડરી. ફુલ ગલ્લીની સામે, HDFC ની બાજુમાં, માટુંગા ૮૬૫૨૨૩૯૫૩૭ / ૯૮૩૩૯૧૬૫૧૦ સોમ બંધ**

2/1/1(2) --------- **(B-21031)(4-7)**

**જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે**

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે. એમ.જી. ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાના - ૩૦૦/- (ઓપરેશન વગર). રૂટ કેનાલ - ૧૦૦૦/-. એક્રેલીક દાંતની કેપ - ૪૦૦/-. સીરામીક કેપ - ૨૦૦૦/-. ઝેરકોનીયા કેપ - ૫૨૦૦/-. દાંતની બત્રીસી - ૯૦૦૦/-. ડેન્ટલ ઈમ્પલાન્ટ - ૨૨૦૦૦/-. દાંતના ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણશીભાઈ ગાલા, જે.એમ.જી. ક્લીનીક (અંધેરી વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રિસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે. 8433742300, 022-49784878.

4/1/1(5) ------ **(B-21150)(4-8)**

**અંગ્રેજી બોલો + સાઈકોલોજી**

તમારા લેવલ અને સમય પ્રમાણે, ખાતરી સાથે, સરળ પદ્ધતિ ની મદદથી, વય મર્યાદા નથી, Reasonable fees for limited time, વહેલા તે પહેલા, જરૂર કોલ કરો. NEXT PEAK - 9619391890.

4/1/1(4) --------- **(B-21193)(4-9)**

**'મુલુંડ (ઈસ્ટ-વેસ્ટ) માં'**
**! 1 BHK નો ફ્લેટ : ભાડેથી જોઈએ છે !**

**કચ્છી જૈન કુટુંબને મુલુંડ ઈસ્ટ અથવા વેસ્ટમાં લાંબા ગાળા માટે ભાડ ઉપર 1 BHK નો ફ્લેટ સારી લોકાલીટીમાં જોઈએ છે. (દલાલ ભાઈઓ તકલીફ ના લે) સંપર્ક : મો. 9960448701-વસંત શાહ.**

4/1/1(4) --------- **(B-21353)(4-10)**

**સસ્તી ફ્લાઈટ ટીકીટ સાથે કાશ્મીર ટુર**

**ચાલો માર્ચ મહીનામાં કાશ્મીર ફરવા.. હરીયા ટ્રાવેલ્સ સંગાથે.**

- **પેકેજમાં સમાવેશ : મુંબઈ-શ્રીનગર-મુંબઈ ફ્લાઈટ ટીકીટ, પ્રાઈમ લોકેશન પર હોટેલ્સ, ગંડોલા - રોપવે, શીકારા રાઈડ, ચંદનવાડી, અરૂ-બેતાબવેલી, સ્વતંત્ર રસોડું.**
- **બુકીંગ માટે સંપર્ક : શીતલ હરીયા : મો. 8779112094 (ખાર વેસ્ટ) હરીયા ટ્રાવેલ્સ.**

4/1/1(1) --------- **(B-21267)(4-11)**

**વિશ્વા લીક્વીડ શોપ**

વાસણની ચીકાસ રહીત આધુનિક પદ્ધતિને અનુરૂપ ધુલાઈ અને તાજગીપુર્વક લેમનની સુગંધમાં વિશ્વા લીક્વીડ શોપ ન્યુટ્રલ PH ફોર્મ્યુલા તેમજ સૌથી વધારે શક્તિશાળી અને સસ્તુ અને સારું એકવાર અજમાવો. ગમે તો રાખો નહીં તો પાછુ આજે જ ઓર્ડર બુક કરાવો. ૫ કિલો ફક્ત રૂા. ૪૦૦/- અને કેન ડીપોઝીટ અલગ. ખાત્રી કરો અજમાવી જુઓ. ફ્રી હોમ ડીલીવરી. સંપર્ક : ૯૮૨૦૨૦૬૦૩૪, ૯૮૨૦૨૦૬૦૩૩. મૌલિક મહેન્દ્ર શાહ.

2/1/1(37) --------- **(B-21362)(4-12)**

**વગર પગારનો વોચમેન CCTV**

કોઈ દિવસ રજા ન લે એવો, લંચ બ્રેક કે ટી બ્રેક લીધા વગર ૨૪ કલાક સતત ડ્યુટી બજાવતો વગર પગારનો વોચમેન રાખવો છે ? લેટેસ્ટ ટેકનોલોજીનાં કેમેરા લગાડો. દુનીયાનાં કોઈ પણ ખુણામાંથી ચેક કરો અને નિરાંતની ઉંઘ માણો. CALL - હરેશ સાવલા. ગામ : નાની તુંબડી. 9820182514, 9324182514.

4/1/1(25) --------- **(B-21355)(4-13)**

**વિલે પારલા (ઈસ્ટ) વેચાણથી**

વીરા ડેવલોપરનાં નવા બંધાતા ટાવરમાં 2 BHK ૬૫૪ કારપેટ, 2.5 BHK ૮૩૫ કારપેટ હાયર ફ્લોર, પાર્ક રોડ, પઝેશન માર્ચ ૨૫. નવકાર એસ્ટેટ. ધીરેન ગડા (પત્રી) 9594925992. (Monopoly Flat)

4/1/1(22) --------- **(B-21358)(4-14)**

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

2 BHK ૭૨૦ કારપેટ, હાયર ફ્લોર, ન્યુ ટાવર વીથ OC બજાજ એમરલ્ડ, સ્ટેશન સામે, દહેરાસર, મેટ્રો સ્ટેશન નજીક. નવકાર એસ્ટેટ. ધીરેન ગડા (પત્રી) 9594925992.

4/1/1(24) --------- **(B-21356)(4-16)**

**લીકેજ - લીકેજ - લીકેજ**

શું તમે તમારું ઘર/બીલ્ડીંગ રીનોવેટ કરવા માંગો છો ? જેમ કે પ્લાસ્ટર, પેન્ટીંગ, ફર્નિચર, Water Proofing with Painting Warranty સાથે તો જલ્દી કોલ કરો. મહાવીર એન્ટરપ્રાઈઝનાં ખુશ્બુ સાવલાને : 9136339963, 7738518046.

4/1/1(26) --------- **(B-21354)(4-17)**

**રીલાય નેચરોપથીનો ધન્યવાદ**
**સાંધાનાં દુઃખાવામાં રાહત**

હું ધીરલ, છેલ્લા ૧ મહિનાથી ઘૂંટણ અને પગની ઘૂંટીના દુખાવાથી પીડાતી હતી. મારી મિત્રની સલાહથી મેં રિલાય નેચરોપથીના ભાવિની શેઠિયાનો સંપર્ક કર્યો. તેમણે એક્યુપ્રેશર અને એક્યુપંક્ચર વડે સારવારની શરૂઆત કરી અને ૮ થી ૧૦ સેશનમાં જ મને ઘણો ફાયદો થયો. તેમની સારવારથી મારો ઘૂંટણ અને પગની ઘૂંટીનો સોજો ઓછો થયો અને હું ૨૦,૦૦૦ ડગલા ચાલી શકી એ માટે રિલાય નેચરોપથીના ભાવિની શેઠિયાનો દિલથી આભાર માનું છું.

- તમારી કોઈપણ શારીરિક તકલીફના નિવારણ માટે છેલ્લા ૧૮ વર્ષથી સફળ પ્રેક્ટીસ્ કરતા, નેચરોપથ અને યોગા એક્સપર્ટ ભાવીની શેઠીયા (NDDY) - 9004787772.

4/1/1(31) --------- **(B-21360)(4-18)**

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

સ્ટેશન નજીક બ્રાન્ડ ન્યુ ટાવરમાં 2 BHK ૬૨૧ કારપેટ, ૫૫૦ કારપેટ, 1 BHK ૪૦૦ કારપેટ હાયર ફ્લોર છેલ્લા ૩ ફ્લેટ. પઝેશન માર્ચ ૨૫. નવકાર એસ્ટેટ. ધીરેન ગડા (પત્રી) 9594925992. (Monopoly Flat)

4/1/1(23) --------- **(B-21357)(4-19)**

**વ્હાલી દિકરી - સહોદરબેનીની વિદાયની વ્યથા**

**અશ્રુભીની શ્રધ્ધાંજલિ**

**કચ્છ : પ્રાગપુર** | **મુંબઈ : કાંદિવલી**



**શ્રીમતી મધુબેન અરવિંદ સોની**

સંસ્કારના તિમિરને ચીરીને પ્રગટાવી અનોખી જ્યોતિ
પણ તું આમ અમને થપ્પો આપી ચાલી જશે, ખબર ન્હોતી.
સમય જિંદગીનો ચાર દિવસનો હોય છે ખબર હતી,
પણ વિદાય તારી અણધારી હશે એ ક્યાં ખબર હતી ?
મુખડું તારું શોભતું મધુર સ્મિતથી, સદાય રહેતી હસતી,
કર્ણ પટલોમાં હજીયે ગુંજારવ એનો, જે ગીતો તું ગાતી.
મધુ... તું પાછી કાં નવ આવતી ??
પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે !!

માતા-પિતા : માતુશ્રી મણીબેન મોરારજી છેડા - વાંકી
બેન-બનેવી : મંજુલા ડુંગરશી ગંગર - બેરાજા
નિર્મળા દામજી ગાલા - વડાલા, લક્ષ્મી અરવિંદ શાહ - ભુજપુર
અરૂણા શાંતિલાલ મામણીયા - કુંદરોડી, ભાઈ-ભાભી : હંસા (વર્ષા) નિલેશ છેડા - વાંકી

(CLC-21387)

NEEL PARI - 9322209742

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**તા. ૪ ફેબ્રુઆરી - સેવા સમાજ**
**'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી પ્રેમજી હંસરાજ ગાલાનાં સ્મરણાર્થે શ્રીમતી જયા રમેશચંદ્ર હંસરાજ ગાલા (દેવપુર) તરફથી.

● સ્વ. શ્રીમતી જવેરબેન લાલજી દેઢિયા (ગુંદાલા હાલે છસરા)નાં સ્મરણાર્થે શ્રી શાંતીલાલ કુંવરજી રાંભિયા (સમાઘોઘા) તરફથી.

● ડો. રતિલાલ હીરજી વોરા (કુંદરોડી)નાં જન્મદિન નિમિત્તે એમનાં તરફથી.

● સ્વ. માતુશ્રી જેઠીબાઈ વેરશી છેડા (ગોધરા)નાં પુણ્યાર્થે મળેલ અનુદાન.

● ભાઈશ્રી વલ્લભજી ધરમશી દેઢિયાની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે બહેનો-લક્ષ્મીબેન, સાકરબેન, દેવકાબેન અને શાંતાબેન તરફથી. શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ શુભેચ્છક દાતા યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(44) -------- **(A-21394)(5-1)**

**તા. ૫ ફેબ્રુઆરી - સેવા સમાજ**
**'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી કાકુભાઈ કરમશી સતરા (ગુંદાલા)નાં સ્મરણાર્થે એક શુભેચ્છક તરફથી.

● સ્વ. શ્રી રમેશચંદ્ર લાલજી સાવલા (પ્રાગપુર)ની પુણ્યતિથિ નિમિત્તે શાહ લાલજી લખમશી સાવલા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી.

● સ્વ. શ્રી જયેશ તલકશી ગોગરી (કોડાય)નાં સ્મરણાર્થે મળેલ અનુદાન.

● ચિ. અમીષી રીટા તરૂણ આણંદજી વોરા (પત્રી-સાયન) અને ચિ. નિરવ વીણા ગીરીશ દામજી કારાણી (નારાણપુર-મુલુંડ)નાં લગ્નપ્રસંગે અ.સૌ. સાકરબેન દામજી લાલજી ગાલા (વડાલા - સિક્કાનગર) તરફથી.

● શ્રી તાડદેવ કચ્છી વીશા ઓસવાળ જૈન સંઘ તરફથી.

● સૌ. પ્રીતી ડો. પ્રફુલ દામજી ગડા (રાયધણજર)ની લગ્નતિથિ નિમિત્તે સૌ. પ્રેમિલા દામજી ભાણજી ગડા તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ શુભેચ્છક દાતા યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(43) -------- **(A-21395)(5-2)**

**'કચ્છી સમાજના જાણીતા ગોર મારાજ'**
**! મધુકાંત પંડ્યા : ફરાદીવાલા !**

ચાંદલા વિધિ-લગ્ન-માતાજીની પહેડી સહિત સામાજિક/ધાર્મિક પ્રસંગોએ શાસ્ત્રોક્ત પધ્ધતિથી-શુધ્ધોચાર સાથે વિધિ વિધાન કરાવનારા : મધુકાંત પંડ્યા (ફરાદીવાલા/મુલુંડ) મો. 9821024181. ફોન : 25603283.

4/1/1(41) -------- **(N-21398)(5-3)**

**મુનિ વિશ્વાનંદ વિજય કહે છે : લેખાંક - ૧૯**

વિરતિ રૂપ પ્રતિક્રમણ ધર્મ અનાદિ કાળથી સંસારમાં ચારે ગતિમાં ફરનાર દરેક જીવને આઠ કર્મ લાગેલા છે. જે ઘણાં જ દુઃખ આપનારા છે. તેમાંથી છુટકારો મેળવવાનો ઉપાય જીવને મળ્યો નથી. જેને મળ્યો છે એ ભવ પાર થઈ મોક્ષમાં પહોંચી અનંત સુખનાં માલિક થયા છે. કર્મ પ્રતિ સમય ૭ પ્રકારનાં બંધાય છે ફક્ત આયુષ્ય જીવનમાં એકવાર બંધાય છે. ઘણું દુઃખ દુર્ગતિમાં સહન કરીએ ત્યારે થોડા કર્મ છુટે તો ખરા પણ તેનાથી અનેક ઘણા બંધાય છે તેનાથી છુટકારો થતો નથી પણ શ્રી જિનેશ્વર ભગવાને બતાવેલા ધર્મથી જ કર્મોથી છુટકારો થાય છે. શ્રી જિનેશ્વર ભગવાને સર્વ વિરતિને દેશ વિરતી એમ બે પ્રકારે ધર્મ બતાવેલ તેમાં સર્વ વિરતીનું પાલન કરનાર સાધુ ભગવંત અને દેશ વિરતિનું પાલન કરનાર શ્રાવકો કર્મ બંધનથી મુક્ત થાય છે તે માટે ઘણાં પ્રકારે ધર્મ કર્મ મુક્ત થવા બતાવેલ છે. દેવ પુજા, ગુરૂ ભક્તિ, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વ્રત નિયમ તપ દાન આદિ આપણે વાત કરવાની છે પ્રતિક્રમણની સાધુ-સાધ્વી સવાર-સાંજ પ્રતિક્રમણ કરે છે કેટલાક શ્રાવક-શ્રાવિકાઓ પ્રતિક્રમણ કરે છે તેથી સવાર સાંજ સુધી બંધાયેલા કર્મો સાંજના દેવસી પ્રતિક્રમણ કરવાથી રાતનાં બંધાયેલા કર્મો સવારનાં પ્રતિક્રમણથી છુટી જાય છે. વળી પક્ખી ચૌમાસી સંવત્સરીક પ્રતિક્રમણ કરતા ઘણાં કર્મોનો અંત આવી જાય છે. તેથી સદ્ગતિ અને અનુક્રમે મોક્ષ પ્રાપ્તિ થાય છે જે જીવો મનુષ્ય તિર્યંચ આદિ પ્રતિક્રમણ નથી કરતા તેમના દોષોનો નાશ નથી થતો તેમને દુઃખોની પ્રાપ્તિ થાય છે. ઉપકારી ગાય જેવા પશુઓ જીવનભર મનુષ્યને દુધ આપી સેવા કરે છે પણ અંતે તેને કંઈ લાભ નથી મળતો પાપો અને દુઃખથી છુટવા માટે અનુકુળતા મેળવીને પણ પ્રતિક્રમણકરવું સિવાય ગુરૂ ભગવંતોનો સત્સંગ પ્રવચન શ્રવણ, તપશ્ચર્યા, દાન, જિનભક્તિ, તીર્થ યાત્રા સાધર્મિક ભક્તિ જીવદયાનું પાલન યત્ના ત્યાગ જુના વખતમાં રચાયેલી પુજાઓનું વાંચન સ્તવનો, સજઝાયો થોય, કથાઓ તીર્થંકરનાં ચરીત્રો તત્વજ્ઞાનનું શિક્ષણ સાધર્મિકોને ધર્મમાર્ગમાં જોડવા અનુકંપા ગરીબોનો ઉધ્ધાર વગેરે ગુરૂ આજ્ઞા મુજબ કરી ભયાનક સંસારથી છુટકારો મેળવવો તેમાં પ્રતિક્રમણ બે વખતનું વહેલા-મોડા પણ દરરોજ અવશ્ય કરવું. લિ. મ.સા. વતી દિપક મગનલાલ જીવરાજ ગાલા : કચ્છ/મેરાઉવાળા હાલ થાણાવાળાનાં જય જિનેન્દ્ર વાંચશો. સંપર્ક : મહાનંદ-૯૮૯૨૫૫૨૪૯૨, દિપક ગાલા-૭૦૪૫૬૫૬૩૭૧.

4/1/1(46) -------- **(A-21402)(5-4)**

**જોગેશ્વરી (વેસ્ટ) સ્ટેશન રોડ દુકાન વેચાણમાં/ભાડેથી**

**રેલ્વે સ્ટેશન, બસ ડેપો અને એસ.વી.રોડ થી એક મીનીટનાં અંતરે પાઘડીની રીનોવેટ કરેલી ડબલ ગાળાની (૩૬૦+૧૯૦) કારપેટ દુકાન વેચવી છે અથવા સીંગલ (૩૬૦) નો ગાળો ભાડેથી આપવો છે. સુરેશ દેઢીયા-9920256869, મહેન્દ્ર દેઢીયા-9920186112.**

4/1/1(8) -------- **(B-21381)(5-5)**

**JITOJOBS 8655988412 JITOJOBS**

www.jitojobs.org Connect JITOJOBS on Any Digital Platform

● Under the Umbrella of JITO Organization, the Project JITOJOBS is Conducted to Serve Our Jain Community at Large.

● The Employers Who are Looking Right Talents Staff for their Buisness Houses, Industries, Retail Stores, Professionals Services etc are Requested to Fill Up the Form Using below Link

● https://forms.gle/7yKDScf5CCfW94Xw8

● AND

● The Candidates Seeking their Dream Job Opportunities are Requested to Fill Up the Form Using below Link

● https://forms.gle/oGFixHgXgY84RuBk6

● Advertisement Courtesy : Sunil Savla, JITOJOBS Convenor For JUHU CHAPTER in JITO MUMBAI ZONE

4/1/1(45) -------- **(N-21400)(5-6)**

**ગ્રેનાઈટ, કમ્પોઝીટ મારબલ, ક્વાર્ટઝ સ્ટોન**
**ભાંડુપ-ગ્રેનાઈટ પોઈન્ટ - ભાંડુપ**

● સમગ્ર કચ્છ/વાગડ સમાજમાં ગ્રેનાઈટ ક્ષેત્રે જનું નામ

● AGL કં.નાં કમ્પોઝીટ મારબલ અને ક્વાર્ટઝ સ્ટોનનો રેડી સ્ટોક, કંપનીનાં ડીલર.

● ઈન્ડીયન કલરમાં અને બ્લેકમાં ગ્રેનાઈટ.

● ઈટાલીયન ગ્રેનાઈટ અને નેનો વાઈટ G/5 આપની સાઈઝ પ્રમાટે કટીંગ કરીને મળશે.

● વોર્ડ રોબ, કીચન પ્લેટફોર્મ નીચે વીન્ડો ટ્રેક નીચે નાખવા સ્પોટેડ મારબલ 15mm - 20 mm - કટીંગ -અનકટ મળશે.

● કટીંગ, પોલીસ, મોલ્ડીંગની સુવિધા.

● એકવાર મટીરીયલ જોવા ફેક્ટરી પર પધારવા ભાવભર્યું આમંત્રણ. સંપર્ક : નેમચંદ પ્રેમજી છેડા-કચ્છ લાયજા-ઘાટકોપર. મો. નંબર : 9821014481.

2/1/1(47) -------- **(B-21401)(5-7)**

**ચાંદીનાં ભાવમાં આવેલ તેજી એટલે**
**આસમાની-સુલતાની**

નો પરપોટો ફુટી જાય તે પહેલા સાવધાન થઈ જાઓ. આજે અમારા શો રૂમની મુલાકાત લો. બીજી કોઈ દુકાને જતાં પહેલા એક વાર ભાવની ખાત્રી કરો.

● સાચી જરીની સાડી, ચણીયા-ચોળી

● સાચી જરીના ઘરચોળા, બોર્ડર - બ્લા

● સાચી જરીના સેલા

● સાચી જરીની બટકસબ, આરી વર્કની સાડી, ચણીયા ચોળી

● સાચી જરીના ચંદરવા-પોઠીયા

● સાચી જરીની છુટ્ટી ટીકી, સુરમો, કસબ, ઘુઘરી, સાચીજરીની કોઇ પણ આઈટમ વેંચવા લઈ આવોને બજાર કરતાં વધારે ભાવ મળ્યાનો સંતોષ અનુભવો.

● રોકડા રૂપિયા - તરત જ ફાઈનલ.

● ખાસ નોંધ : સાચી જરીનો માલ વેંચવા તમે અમારી દુકાને ન આવી શક્તા હો તો, ફક્ત એક ફોન, અમે તમારી સેવામાં હાજર. મહાવીર સારીઝ, મોદી ચાલ, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ - (W) Opp. "SEASON'S" શો રૂમ (Sunday Closed) M.: 9137146272 - 9619554801.

2/1/1(48) -------- **(B-21403)(5-8)**

# આભાર

**શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન**
**સ્વમાન લગ્નનો આભાર**

તા. ૨૮-૧-૨૦૨૫ રોજ ભવ્ય સુનિલ ગડા (માપર) સ્વમાન લગ્ન થયા. 'સ્વમાન-લગ્ન' એટલે પોતાના પૈસે પોતાના બાળકના લગ્ન... આવી અદ્ભુત અનુભુતિ શ્રી કવિઓ સ્થાનકવાસી મહાજનના જૈન પદાધિકારીઓએ અમને કરાવી છે. સંપૂર્ણ આયોજનનું સુંદર રીતે સંચાલન કરી અમારા પ્રસંગને હૃદયપૂર્વક પોતાનો ગણી અમુલ્ય બનાવી અમારા આ પ્રસંગને ચાર ચાંદ લગાડી દીધા. સંસ્થાના આ ઉમદા કાર્યને અમે દિલથી વધાવીએ છીએ. લગ્નમાં સવારના ચા-નાસ્તાથી લઈ વેલકમ ડ્રીંક, બાઈટીંગ તથા જમણવારની જે સગવડ હતી એ અનન્ય હતી. બન્ને પરિવારો અને કુટુંબીજનોએ જરાપણ ચિંતા વગર આનંદથી લગ્ન પ્રસંગને માણ્યો. સમાજ ઉપયોગી આ અભિયાનમાં આપણે સૌ નિઃસંકોચ જોડાઈ અને 'સ્વમાન લગ્ન'નો લાભ લઈએ એવી દરેક પરિવારને નમ્ર અપીલ કરીએ છીએ. સ્વમાન લગ્નની સંપૂર્ણ ટીમ તથા શ્રી કવિઓ સ્થાનકવાસી જૈન મહાજનના ટ્રસ્ટીઓ, અધિકારીઓ તથા કારોબારી સભ્યોનો ખૂબ ખૂબ આભાર. લિ. : સુનિલ ગડા-૯૮૬૭૯૩૬૬૦૩.

4/1/1(13) -------- **(B-21340)(5-9)**

**! EXCLUSIVE બાંધણીનો શો રૂમ !**
**! પરેલમાં - એક માત્ર - છેડા બંધેજ !**

લગ્ન પ્રસંગનાં સ્પેશ્યલ અવસરોમાં પરીધાન કરવા માટે ન્યુ ડીઝાઈનર વેરાયટીઝમાં બંધેજ સાડીઓ, રોયલ પટોળા, જાજરમાન ઘરચોળા, શાનદાર ચણીયા ચોળી, રૂઆબદાર દુપટ્ટાનો ખજાનો ! બનારસી, મીનાકારી, દુપીયન, તીલ્કી, મુંગા, કોટા, ગજી, સીલ્ક, શીફોન, જ્યોર્જેટમાં સ્ટનીંગ કલર્સ અને લક્ઝરી ડીઝાઈનો જે આપે આપને ગ્લેમરસ લુક ! છેડા બંધેજ, દુ.નં. ૨, જહાંગીર બીલ્ડીંગ, J.M. સ્ટ્રીટ, પરેલ T.T., મું. ૧૨. Contact : 7208761864, 9920963990. (કટ વર્ક તેમજ એમ્બ્રોયડરીમાં પણ લેટેસ્ટ વેરાયટીઝ)

4/1/1(20) -------- **(B-21349)(5-10)**

**! ઘર - દુકાન - ઓફિસ - બંગલો માટે !**
**!! રાજા & રાજાનું સુરક્ષાચક્ર !!**

R.C.C. બાંધકામમાં લીકેજની સમસ્યા માથાનાં દુઃખાવા સમાન છે ! લીકેજ વરસાદનું હોય કે W.C., બાથરૂમ, કીચનમાં હોય તેને ૧૦૧% બંધ કરવા માટે રાજા & રાજાની તોડફોડ વિનાની અદ્ભુત રાજ ટેકનોલોજી વડે વોટરપ્રુફીંગ એટલે સંપુર્ણ સુરક્ષાચક્ર ! CALL-08070810101. (સતત ૪૦ વર્ષોથી ૩૬૫ દિવસ ઉપલબ્ધ)

4/1/1(19) -------- **(B-21350)(5-11)**

**GOLDEN OPPORTUNITY**

પરેલમાં બ્રાન્ડેડ કીડસવેર અને મેન્સવેરનાં રીટેલ શો રૂમ માટે ફક્ત અનુભવી સેલ્સમેન જોઈએ છે. આગળ વધવાની ઉત્તમ તક. સંપર્ક : ધર્મેશભાઈ : મો. 9819513020.

4/1/1(18) -------- **(B-21344)(5-12)**

**માઈક્રોવેવ-ઓવન બગડ્યું ?**
**સોલ્યુશન એક માત્ર CALL થી...**

માઈક્રોવેવ-ઓવન રીપેરીંગ માટે ઘર બેઠાં સંપર્ક કરો. દીપેન દેઢીયા-9320932015. વીઝીટ ચાર્જ : રૂા. ૨૫૦/-

4/1/1(12) -------- **(B-21341)(5-13)**

# મહાભિનિષ્ક્રમણના પંથે પ્રયાણ કરનાર
# મોટા લાયજા ના છેડા – નાનાણા પરિવાર ની
# મુમુક્ષુ ચિ. વૃષ્ટીકુમારી ની હાર્દિક અનુમોદના...






ઉત્તમોત્તમ કાર્યો દ્વારા
પોતાના નામને સાર્થક કરનાર,
માધ્યસ્થદ્રષ્ટા,
આધ્યાત્મિક સાર્વભૌમ
પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય
યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા
(પંડિત મ.સા.)

વિષય કષાયની
અગ્નિ ને ઠારવા માટે
વૃષ્ટી સમાન
ચારિત્ર ધર્મને સ્વીકારવા
થનગની રહેલા...
ગામ નુતન ત્રંબૌ (કચ્છ-વાગડ)
હાલે થાણા ના
મુમુક્ષુ
ચિ. વૃષ્ટીકુમારી પરેશભાઈ બૌવા
તારી સંયમ સાધના
નિર્વિઘ્ન રહે...
ગુરૂવર્યોના આશિષ સદાય
તારા શિરે રહો...
રત્નત્રયની આરાધના દ્વારા
વિતરાગ પંથે
આગળ વધતી રહે...



કર્મગ્રંથ નિપુણ,
વાત્સલ્યનિધિ
પ.પૂ. વિદુષિ પ્રવર્તીતી
સાધ્વીજી
શ્રી કલાનિધિશ્રીજી મ.સા.
આદિ વિશાળ
શ્રમણી સમુદાય ની
પાવન નિશ્રામાં...

**દીક્ષા દિન : શુક્રવાર, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫**
: દીક્ષા સમય :
સવારે ૪.૪૫ કલાકે : મુમુક્ષુઓનો દીક્ષા મંડપમાં પ્રવેશ
સવારે ૫.૪૫ કલાકે : પ્રવજ્યા વિધિ પ્રારંભ

દીક્ષા સ્થળ : સુધર્મ નગરી,
રેલ્વે પોલીસ પરેડ ગ્રાઉન્ડ,
વલ્લભબાગ લેન એક્ષ્ટેન્શન, કુકરેજા
ટાવરની પાછળ, ઘાટકોપર (ઈસ્ટ), મું.-૭૭.

લિ.: નાના - નાની : ગુણવંતીબેન મહેન્દ્ર છેડા (મોટા લાયજા)  મામા : જીગર મહેન્દ્ર છેડા
માસા - માસી : મિનલ પિયુષ નંદુ (મોટા આસંબીયા), નેહલ હિરેન ગડા (મોટા રતાડીયા)
ભવ્ય,યશ્વી,જિનાંશ ની લાડલી બેન.

(CLC-21332)



# ગુંદાલા પટેલ ફળિયામાં બિરાજમાન રાંભિયા નુખના કુળદેવી શ્રી સચ્ચા માતાજીની સમુહ પહેડી, સવંત ૨૦૮૧

**સમુહ પહેડીનું શુભ દિન:** સવંત ૨૦૮૧, મહા સુદ ૧૨, રવિવાર, તા.૯-૨-૨૦૨૫
**શુભ સ્થળ:** સ્વામીનારાયણ સંસ્કાર ધામ (યોગી સભાગૃહ), દત્ત મંદિર રોડ, શારદા હાઈસ્કુલની બાજુમાં, મલાડ (ઈસ્ટ).

કચ્છ ગામ ગુંદાલામાં પટેલ ફળિયામાં બિરાજમાન પૂજ્ય કુળદેવી શ્રી સચ્ચા માઁને નમતા રાંભિયા નુખના ભાવિકો જોગ...

રાંભિયા નુખના પૂજ્ય કુળદેવી શ્રી સચ્ચામાં, પૂજ્ય શ્રી જખ્ખદાદા અને પૂજ્ય શ્રી રામદેવીપીર બાબાની ભક્તિ કરવા, પહેડી ચડાવવા, મંગલકારી દર્શન-વંદન કરી આશિષ મેળવવા સહુ ભાવિકો, નિયાણી બહેનો તેમજ આમંત્રિત મહેમાનોને સહપરિવાર પધારવા નેહ નિતરતું નિમંત્રણ...!!

## સંપુર્ણ પહેડીના લાભાર્થી પરિવાર

## માતુશ્રી સાકરબેન શીવજી રાયશી મોના રાંભિયા સમસ્ત પરિવાર (ગુંદાલા)

શ્રીમતી હેમલતાબેન અને શ્રીમાન ચિમનલાલ શીવજી રાંભિયાના લગ્નની સુવર્ણ જયંતી (ગોલ્ડન જ્યુબલી) નિમિત્તે

અવસર છે આનંદનો...
પ્રસંગ છે સચ્ચા માવડીની પહેડીનો,
કુમકુમ છાંટણા કરી ગુણલા ગવાશે,
ભક્તિ ભર્યો કાર્યક્રમ છે માણવાનો...
રાસગરબાની રમઝટથી માહોલ જામશે
હર્ષોલ્લાસનો...!

ભક્તિ ગીત: દિપ્તી શાહ અને સાથી કલાકારો.
મનગમતા ભાવતા ભોજન પીરસશે: સીલ્વર કેટરર્સ.
ફોટોગ્રાફી: અરીહંત કલર લેબ (ગુંદાલા)



:: પહેડીના મંગલમય અવસરની ઝલક::

- સવારે ૮.૦૦ કલાકે : પોખણાં
- સવારે ૮.૩૦ કલાકે : સ્થાપના
- સવારે ૮.૩૦ થી ૯.૩૦ : ચા-નાસ્તા
- સવારે ૯.૦૦ કલાકેથી : ભક્તિ ગીત/રાસ ગરબા
- સવારે ૧૧.૦૦ કલાકે : આરતી-થાળ
- બપોરે ૧૧.૩૦ કલાકેથી : પ્રસાદ-ભોજન

નોંધ: પહેડીમાં વેલે પાર્કીંગ તેમજ પગરખાની વ્યવસ્થા રહેશે.
નમ્ર વિનંતી: પહેડીમાં કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં.

આપના પરિવારે પ્રારબ્ધ અને પુરૂષાર્થના સુયોગે પુર્ણ કરનારા આપ બન્નેના પાંચ દાયકાનાં અખંડ દાંપત્ય જીવનને ઉજવવા ઉપરોક્ત પહેડીનો લાભ લીધો છે તે બદલ આભાર, અંતરમનથી અભિનંદન... પરમ કૃપાળુ પરમાત્મા આપ બન્નેને નિરોગી-તંદુરસ્તમય, દિર્ઘાયુષ્ય આપે એજ અભ્યર્થના.

(CLC-21386)

લિ. ગુંદાલા પટેલ ફળિયાના કુળદેવી શ્રી સચ્ચામાઁના રાંભિયા નુખની પહેડી સમિતિના જય માતાજી

SONI GRAPHICS 9653103959

# કાંડાગરાના કોહિનુર દિલોજાન મિત્ર....

## કિશોર દેવરાજ ગાલા ને અભિનંદન

CONGRATULATIONS



**શ્રી કિશોર દેવરાજ ગાલા**

આપની સુઝબુઝ, ચીવટતા, વ્યવહારીકતા અને પારદર્શકતા દ્વારા સત્કાર્યોની મશાલને આપ ઝગમગતી રાખી એવરેસ્ટ સરીખા પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરતા રહો અને ઉત્કૃષ્ટ કામગીરી બજાવો....

કાંડાગરા ગામ જેના રગ રગમાં વસે છે એવા કર્તવ્યનિષ્ઠ, કર્મયોગી, કાર્યકુશળ અમારા દિલોજાન મિત્ર

CONGRATULATIONS

### કાંડાગરાના પરમ મિત્રો

- દેવચંદ ભવાનજી છેડા
- ગિરીશ જગશી છેડા
- જીગર તારાચંદ છેડા
- હસમુખ નાનજી ગાલા
- ધીરજ ઉમરશી ગાલા
- માવજી હધુ દેઢિયા
- મનોજ મુરજી છેડા
- વસનજી ગાંગજી ગાલા
- નવીન ભવાનજી છેડા
- ભાવેશ અરિવંદ છેડા
- લહેરચંદ (ધુલો) રાયશી દેઢિયા
- ધીરજ તેજશી છેડા
- શાંતિલાલ મુરજી ગાલા
- કેતન ખીમજી ગાલા
- હીરાલાલ રતનશી દેઢિયા
- ભાઈલાલ માવજી ગોગરી
- શરદ રાયશી દેઢીયા
- કિરણ ખીમજી ગાલા
- દિલેશ વસનજી ગાલા
- નિતીન રામજી છેડા
- CA નિલેશ દામજી છેડા
- ટોકરશી દામજી ગાલા
- શાંતિલાલ દામજી ગાલા
- પ્રકાશ રતનશી દેઢિયા
- રમણીકલાલ રામજી છેડા
- વિજય રતનશી દેઢિયા
- મહેશ જગશી છેડા
- લહેરી જગશી છેડા
- પ્રવિણ (ભીમ) મેઘજી ગાલા
- ગુલાબ તલકશી ગાલા
- જનક પદમશી ગાલા

### કાંડાગરાના પરમ મિત્રો

- દુર્ગેશ લાલજી છેડા
- રામજી શીવજી છેડા
- જ્યોતિબેન ચેતન ખીમજી દેઢિયા
- જયેશ વેલજી ગાલા
- હેમચંદ પદમશી પોલડીયા
- ભરત રામજી ગાલા
- અતુલ મુલચંદ ગાલા
- જયંતિલાલ ગાંગજી ગાલા
- લહેરચંદ રતનશી ગાલા
- તલકશી શીવજી છેડા
- કલ્યાણજી વેલજી છેડા
- જેઠાલાલ ભવાનજી પોલડીયા
- રાજેન્દ્ર દેવચંદ ગાલા
- હસમુખ હધુ દેઢિયા
- રાહુલ શીવજી દેઢિયા
- દિનેશ મોણશી દેઢિયા
- લલીત આણંદજી છેડા
- હસમુખ બાબુલાલ દેઢિયા
- કાંતિલાલ રતનશી ગાલા
- ધીરજ ગાંગજી દેઢિયા
- લક્ષ્મીચંદ દેવજી ગાલા
- પ્રવિણ શીવજી છેડા
- CA હીતેશ નવીન છેડા
- દેવેન્દ્ર વીરચંદ દેઢિયા
- દિનેશ મુલચંદ ગાલા
- ધીરજ નરશી છેડા
- મણીલાલ ધનજી સાવલા
- બંસીલાલ મોરારજી છેડા
- અખીલ રાયશી છેડા
- શર્મિલ હરખચંદ દેઢિયા

**શ્રીમાન કિશોરભાઈ દેવરાજ ગાલાની શ્રી કચ્છ કાંડાગરા વિશા ઓસવાળ જૈન મહાજનના પ્રમુખ પદે આરૂઢ થવાં બદલ ખોબલે ખોબલે અભિનંદન....**

(CLC-21383)

K.V.O. - P - 8104209392



# પ્રાર્થના સભા

## સ્વ. ચંદ્રાબેન જયંતિલાલ ગાલા

ગામ : લાકડીયા હાલે દાદર ઉ. વર્ષ ૬૧

સમય ઓછો હશે કયા ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે
કયા ખબર હતી, સર્વત્ર સુવાસ ફેલાવી ગયાં,
સંભારણા સહુના દિલમાં રાખી ગયાં,
પ્રભુ આપનાં દિવ્ય આત્માને
પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

**પ્રાર્થના સભા**

બુધવાર તા. ૫-૨-૨૦૨૫
બપોરે ૩:૦૦ થી ૪:૩૦
સ્થળ : યોગી સભાગૃહ,
દાદર (ઇસ્ટ)

લી. માવિત્ર પરિવાર

## શ્રી પ્રેમજી પુંજાભાઇ નિસર

રસિક પ્રેમજી નિસર    રતનશી પ્રેમજી નિસર    મનસુખ પ્રેમજી નિસર

